ગાંધીનગર સમાચાર



# શહેરના ૫૬ પ્લોટોના વેચાણથી ૨૭૯ કરોડની આવક

## ૪૩ પ્લોટોની હરાજી રદ : હવે સરકાર હરાજીનો નિર્ણય કરે ત્યારે નવા તળિયાના ભાવ નિયત કરાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં ૫૬ પ્લોટોના વેચાણ થકી રાજ્ય સરકારે ૨૭૯ કરોડની આવક મેળવી છે.

બે તબક્કે યોજોયલ હરાજીમાં પ્રથમ વખતે ૨૯ પ્લોટોનું વેચાણ થયું હતું અને તેમાંથી રૂ. ૨૦૦ કરોડ તથા બીજા તબક્કાની હરાજી જે સાતમા મહિનામાં યોજાઈ હતી જેમાં ૨૭ પ્લોટોની હરાજી કરી રૂ. ૭૯.૭૫ કરોડની આવક મેળવી છે.

રાજ્ય સરકારે એક દસકાના લાંબા ગાળા બાદ પ્લોટોની હરાજી કરવાનો નિર્ણય લીધો હતો. આ પ્લોટોની હરાજી પ્રથમ વખત ઈ. હરાજી યોજી કરવામાં આવી હતી.

ગાંધીનગરમાં પ્રથમવાર યોજાયેલ ઈ. હરાજીમાં રીંગ થયાની વાતોને લઈ ૧૪ જેટલા પ્લોટની હરાજી રદ કરવામાં આવી હતી. આ પછી જુલાઈમાં પુનઃ હરાજી કડક નિયંત્રણો સાથે યોજવામાં આવી હતી. જોકે બીજા તબક્કાની હરાજીમાં પણ ૮ જેટલા પ્લોટની હરાજી રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

ગાંધીનગર શહેરમાં રહેણાંકના પ્લોટને બદલે વાણિજ્યના પ્લોટોની હરાજીમાં બોલી બોલનારાઓએ સારો એવો રસ દાખવ્યો હતો. આમ થવાથી ગાંધીનગર શહેરમાં હવે વાણિજ્યક વિકાસની નવી દિશા ખુલી છે.

હવે પ્લોટોની હરાજી સરકાર મંજૂરી આપે તે પછી યોજવામાં આવશે. કારણ કે જમીન પ્લોટોની તળિયાની કિંમત રૂ. ૩૧-૮-૧૫ સુધી જ અમલમાં રહે તે રીતે નિયત કરાયેલ હતી. આમ હવે ગાંધીનગમરાં પ્લોટોની હરાજી ક્યારે થશે તે સામે પણ પ્રશ્નાર્થો ઉભા થયા છે.

શહેરમાં રહેઠાણ માટેના પ્લોટોમાં બોલી બોલનારાઓએ ઓછો રસ દાખવ્યો હોવાથી જે ૯૯ પ્લોટો હતા તેમાં ૩૦ જેટલા પ્લોટ રહેઠાણ માટેના હતા. ગાંધીનગર શહેરના નવા સેક્ટરોમાં વાણિજ્યના પ્લોટોની કિંમત સરકારને સારી મળી છે. હવે ગાંધીનગરમાં પણ વાણિજ્ય ક્ષેત્રે મોલ કલ્ચર ડેવલપ થશે તેમ જાણકારોનું કહેવું છે.


(તસવીર : કશ્યપ નિમાવત)

નેશનલ ટુર્નામેન્ટ માટે પસંદગી - સચિવાલય જીમખાના ખાતે અંડર-૧૪ની નેશનલ ટેબલ ટેનીસ ટુર્નામેન્ટ માટે ગુજરાતની ટીમ પસંદ કરવા ત્રણ દિવસનો કેમ્પ યોજાયો હતો. પાંચ ભાઈઓ અને પાંચ બહેનો રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. છેલ્લા ત્રણ દિવસથી ચાલતી પસંદગી સ્પર્ધામાં પસંદ થયેલ ગુજરાતની ટીમ ઓક્ટોબરના પ્રથમ સપ્તાહમાં આંધ્રપ્રદેશ ખાતે રાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં પ્રતિનિધિત્વ કરશે.

# સચિવાલય સંવર્ગના બઢતી મેળવેલ અધિકારીઓએ મુખ્યમંત્રી સમક્ષ આભાર વ્યક્ત કર્યો



ગાંધીનગર, તા. ૮

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની તાજેતરમાં સચિવાલય સંવર્ગમાં સંયુક્ત સચિવથી અધિક સચિવ પદે બઢતી પામેલા ૬ તેમજ નાયબ સચિવથી સંયુક્ત સચિવ પદે બઢતી મેળવેલા ૧૬ અધિકારીઓએ મુખ્યમંત્રી કાર્યાલયમાં સૌજન્ય મુલાકાત લઈ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

શ્રીમતી આનંદીબહેને બઢતી મેળવનારા આ ઉચ્ચ અધિકારીઓને રાજ્યના વહીવટીતંત્રમાં તેમની સુદીર્ઘ સેવાઓનું શ્રેષ્ઠ પ્રદાન કરવા પ્રેરક અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીને આજે મળેલા આ અધિકારીઓમાં સંયુક્ત સચિવ પદેથી અધિક સચિવ તરીકે નિમણુંક પામેલા સર્વશ્રી કે.એમ. અધ્વર્યુ, એમ.કે. શુકલ, એન.વી. લવીંગીયા, વી.પી. પંડ્યા અને એ.કે. પટેલ તેમજ નાયબ સચિવ પદેથી સંયુક્ત સચિવ તરીકે બઢતી નિમણૂંક મેળવેલા સર્વશ્રી એ.જી. ચૌધરી, સી.એસ. રાજપાલ, એ.બી. ઝીંઝાલા, એમ.જે. મોદી, એમ.એચ. જાડેજા, બી.જે. બ્રહ્મભટ્ટ, જે.ડી. દવે, વી.જી. વણઝારા, ડી.જી. સોની, સી.જે. મેકવાન, શ્રીમતી દેવી પંડ્યા, કે.એચ. પંડ્યા, કે.એલ. પટેલ, એમ.જે. પટેલ, ટી.પી. મહેતા અને પી.એલ. ઝાલાનો સમાવેશ થાય છે.

# ખ-૪થી ખ-૫નો માર્ગ નવેમ્બર સુધી બંધ રહેશે

## કેબલ સ્ટેડ બ્રિજનુ કામ પણ ફેબ્રુઆરી મહીના સુધી ચાલશે

ગાંધીનગર તા ૮

મહાત્મા મંદિરના પ્રોજેકટને અનુલક્ષી નિર્માણ થતા કેબલ સ્ટેડ બ્રીજના નિર્માણનુ કામ ચાલી રહયુ છે. ત્યારે શહેરના ખ-૪ થી ખ-૫ના માર્ગને સંપુર્ણ બંધ કરી દેવાયો છે. બ્રીજનુ કામ આગામી ફેબ્રુઆરી મહીના સુધી ચાલશે જયારે આગામી નવેમ્બર મહીના સુધી આ માર્ગ બંધ રાખવા પણ તંત્ર દ્વારા નિર્ણય લેવાયો છે.

શહેરમાં નવ નિર્મિત મહાત્મા મંદિરને અનુલક્ષી ખ માર્ગ તેમજ મહાત્મા મંદિરને જોડતો નમુનારૂપ બ્રીજનુ નિર્માણ કામ હાથ ધરવામાં આવી રહયુ છે. કરોડોના ખર્ચે તૈયાર થઈ રહેલા આ બ્રીજનુ કામ પૂર્ણ થતા હજુ ૪ મહીનાથી વધુ સમય લાગે તેમ છે. ત્યારે હાલ આ કામગીરીને અનુલક્ષીને ખ-૩ ખ-૪ વચ્ચેનો રસ્તો બંધ કરી દેવાયો છે. અલબત્ત આમ નાગરિકોની સલામતી માટે આ માર્ગ પરની અવર જવર બંધ કરવામાં આવી છે. જયારે આગામી નવેમ્બર મહીના સુધી રસ્તો બંધ રાખવા માટે તંત્ર કક્ષાએ જરૂરી મંજુરી લેવાની પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. બ્રીજના નિર્માણ બાદ મહાત્મા મંદીરમાં આવતા મહાનુભાવાની અવર જવર વધુ સરળ બનશે.

જયારે પેડેસ્ટ્રીયન પણ સીધા પાર્કીંગમાંથી બ્રીજના આધારે મહાત્મા મંદીર સુધી પહોંચી શકશે. જો કે નમુનારૂપ આ બ્રિજનુ કામ પુર્ણ થતા હજુ ચાર મહીના જેટલો સમય લાગે તેમ છે. ત્યારે તંત્ર દ્વારા સલામતીના પરિબળોને ધ્યાને રાખી ખ માર્ગ પર આ વિસ્તારમાં આમ નાગરિકો તેમજ વાહનો માટેની અવરજવર બંધ કરી દેવામાં આવી છે.

# સેન્ટ્રલ વર્જના ખુણાને વિકસાવવા ડિઝાઇન તૈયાર

## ચ-૩ સર્કલના સફળ પ્રયોગ બાદ અકસ્માત અટકાવવા તબક્કાવાર અન્ય સર્કલોને પણ આવરી લેવાશે

ગાંધીનગર તા ૮

ગાંધીનગરના મુખ્ય માર્ગો પરના સર્કલો અકસ્માતનુ કેન્દ્ર બન્યા છે. જેમાં ચ-૩ સર્કલ પર વખતોવખત અકસ્માત થતા તંત્ર દ્વારા આ સમસ્યાના નિવારણ માટે સેન્ટ્રલ વર્જને અડીને આઈલેન બનાવવાની યોજના અમલમાં મુકાઈ છે. જયારે પ્રાયોગિક અમલ અસરકારક પુરવાર થતા શહેરના અન્ય સર્કલો પર આ યોજનાનો અમલ કરના વિચારણા હાથ ધરવામાં આવી છે.

શહેરમાં દાયકાઓના અંતે પણ માર્ગ સલામતીની સમસ્યા યથાવત છે. વાહનોની વધતી સંખ્યા સાથે પૈડા પરની જીન્દગી દિન પ્રતિદિન જોખમી બનતી જાય છે. અકસ્માતની દ્રષ્ટિએ નગરના સર્કલો પણ ભયજનક હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. શહેરના મુખ્ય માર્ગો પર સ્થિત સર્કલો પર વારંવાર અકસ્માતો થાય છે. જેમાં ચ-૩ નુ સર્કલ અકસ્માત ઝોનમાં ફેરવાઈ ગયુ છે. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા સર્કલ પર થતા અકસ્માતો નિવારવા સર્કલ સામેના સેન્ટ્રલ વર્જની બાજુમાં વિશેષ ડીઝાઈન તૈયાર કરવામાં આવી છે. જેથી રાત્રિના સમયે આવતા વાહનચાલકોને સર્કલનો ખ્યાલ રહે અને અકસ્માતને નિવારી શકાય શરૂઆતના તબક્કે તંત્ર દ્વારા પ્રાયોગિક રીતે આ યોજનાનો અમલ કરવામાં આવ્યો હતો. જો કે આ પ્રયોગ સફળ નિવડતા આ ઠેકાણે કાયમી ધોરણે આ સ્ટ્રકચર ઉભુ કરી દેવાશે. જયારે શહેરના મુખ્ય માર્ગો પર સ્થિત અન્ય સર્કલોને ધ્યાને રાખીને પણ આ મુજબ સેન્ટ્રલ વર્જના ખુંણાં પર આઈલેન બનાવવામાં આવશે. તબક્કાવાર અન્ય સર્કલો પર આ મુજબની ડીઝાઈન તૈયાર કરી કામ શરૂ કરી દેવાશે.

● અનુસંધાન પાન-૭ પર

# બદલી લેવા આવેલા ૨૭ શિક્ષકોએ સંકલ્પ કર્યો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં જિલ્લાફેરથી બદલી પામેલા ૨૭ શિક્ષકોએ જિલ્લાના પ્રાથમિક શિક્ષણમાં બદલાવ લાવવાના

**અમે લેખન-ગણન, રમત-ગમત, સ્વચ્છતા સહિતના ૨૭ પ્રોજેક્ટસ પર આખુ વર્ષ કામ કરીશુ**

સંકલ્પ સાથે ૨૭ જેટલા પ્રોજેક્ટસ નક્કી કરી અને તેના પર આખા વર્ષ દરમ્યાન કામગીરી કરશે તેમ જિલ્લા શિક્ષણ તંત્રના અધિકારીઓને જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં જિલ્લાફેર બદલીનો કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પ પૂર્ણ થયા બાદ પ્રાથમિક શાસનાધિકારી શ્રી નટવરસિંહ રાઠોડ તેમજ મદદનીશ શાસનાધિકારી શ્રી સંજયભાઈ પરમારે આ શિક્ષકો સાથે બે કલાકની નવતર અભિગમની બેક યોજી હતી.

આ બેઠકમાં જિલ્લામાં પ્રાથમિક શિક્ષણને ગુણવત્તાસભર શિક્ષણ તેમજ શિક્ષણ ક્ષેત્રે મોડેલ ડિસ્ટ્રીક્ટ બનાવવાના અભિગમની વિસ્તૃત વાતો કરવામાં આવી હતી.

આ બે કલાકની બેઠકને અંતે જિલ્લામાં હાજર થનાર ૨૭ શિક્ષકોએ જુદા જુદા પ્રોજેક્ટસ રજુ કરી અને તેના પર આખુ વર્ષ કામ કરવાનો સંકલ્પ જાહેર કર્યો હતો.

ગણિત, સા.વિજ્ઞાન અને ભાષાના આ શિક્ષકોએ જિલ્લામાં તેમને ફાળવવામાં આવેલ શાળામાં શૈક્ષણિક કાર્ય ઉપરાંત આ પ્રોજેક્ટસને લઈ કામગીરી કરશે તેવી જાહેરાતથી તંત્રના અધિકારીઓમાં પણ ખુશીની લ્હેર જોવા મળતી હતી.

લેખન-ગણનના પ્રોજેક્ટ્સ ઉપરાંત સ્વચ્છતા, રમત-ગમત તેમજ બાળકોના સુવાચ્ય અક્ષરો, બાળકોમાં વાંચનની જિજ્ઞાસા વધે તેવા પ્રોજેક્ટસનો સમાવેશ થતો હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં ગુણોત્સવ-૫ના પરિણામ પછી શિક્ષણને ગુણવત્તાસભર બનાવવા હવે તંત્રએ કમર કસી છે અને આ દિશામાં આગામી દિવસોમાં કરવાની થતી કામગીરી સાથે આ પ્રોજેક્ટસની કામગીરી ભળતાં નવી જ દિશા શિક્ષણને મળશે તેમ આ સૂત્રોએ જણાવ્યું છે.


(તસવીર : નિકેશ બ્રહ્મભટ્ટ)

**શુભ-લાભ આવાસ યોજના** - ગાંધીનગર શહેર અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી દ્વારા એલ.આઈ.જી. કક્ષાના શુભ-લાભ આવાસ યોજના હેઠળ ૩૫૨ લાભાર્થીઓને આજે આવાસ સોંપણી કરાશે... ઘરના ઘરનું સ્વપ્ન ૩૫૨ પરિવારમાં સાકાર થશે... આકર્ષક અને સુવિધાસભર આવાસ યોજના ભારે આવકાર પામી છે... હજુ મધ્યમ વર્ગીય પરિવારો માટે કુડાસણ પાસે બીજા તબક્કાની આવાસ યોજના આરંભાશે.

# દાયકાઓ જુની બાલોદ્યાનની મીની ટ્રેઈનનો તંત્ર પાસે રેકર્ડ જ નથી

## ગત ભારે વરસાદમાં વૃક્ષો ધરાશાયી થવાના લીધે ટ્રેકનુ લેવલીંગ ખરાબ થતા મીની ટ્રેઈન ફરી એકવાર બંધ હાલતમાં

ગાંધીનગર તા ૮

દાયકાઓ જુની બાલોદ્યાનની ટ્રેઈનનો તંત્રને રેકર્ડ મળતો નથી. છાશવારે ખોટવાતી મીની ટ્રેઈનના લીધે સહેલાણીઓમાં પણ ઘોર નારાજગી પ્રવર્તી છે. ગત તોફાની વરસાદમાં મીની ટ્રેઈનના ટ્રેક પર વૃક્ષો ધરાશાયી થતા પાટાનુ લેવલીંગ ખરાબ થઈ ગયુ છે. જેના પરિણામે મીની ટ્રેઈન બંધ હાલતમાં છે. તંત્ર કક્ષાએથી થતી કામગીરીમાં પણ યોગ્યતા ન જળવાતા મીની ટ્રેઈન ધક્કા ગાડીમાં ફેરવાઈ ગઈ છે.

એક જમાનામાં નગરની આગવી ઓળખ ગણાતા બાલોદ્યાનની દશા બેઠી છે. બાલોદ્યાનનુ આકર્ષણ ગણાતી ભુલકાઓની મીની ટ્રેઈન વારંવાર બંધ થઈ જાય છે. બાલોદ્યાનમાં તળાવ અને મીની ટ્રેઈનની મજા માંણવા અમદાવાદ તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી મોટી સંખ્યામાં સહેલાણીઓ આવે છે. પરંતુ દાયકાઓના અંતે યોગ્ય જાળવણી ન થતા ઉદ્યાન આકર્ષણ ગુમાવી રહયો છે. બાલોદ્યાનમાં મીની ટ્રેઈન પણ કંગાળ હાલતમાં છે. છાશવારે ખોટવાતી મીની ટ્રેઈનના રીપેરીંગ માટે પણ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ યોગ્ય જાળવણીના અભાવે મીની ટ્રેઈન ધક્કા ગાડીમાં ફેરવાઈ ગઈ છે. હાલ પણ બાલોદ્યાનની છુક છુક ગાડી બંધ હાલતમાં છે. ગત તોફાની વરસાદ દરમિયાન મીની ટ્રેઈનના ટ્રેક પર વૃક્ષો ધરાશાયી થતા પાટાનુ લેવલીંગ ખરાબ થઈ ગયુ છે. જેના પરિણામે ટ્રેઈન ચાલતી નથી. સહેલાણીઓ પણ વિલા મોંએ પાછા ફરે છે. બીજીતરફ બાલોદ્યાનને એમ્યુઝમેન્ટ પાર્ક બનાવવાનો આખો પ્રોજેકટ હવા

● અનુસંધાન પાન-૭ પર

# મંત્રીઓ જિલ્લાના પ્રવાસે જતાં સચિવાલય સંકુલ સૂમસામ

ગાંધીનગર, તા. ૮

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ઉમેદવાર પસંદગી પ્રક્રિયા માટે મંત્રીઓ જિલ્લાના પ્રવાસે જતાં સચિવાલયમાં આજે મંત્રી કાર્યાલયો સુમસામ ભાસતા હતા.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મહાનગરપાલિકા અને નગરપાલિકાની આગામી ટૂંક સમયમાં યોજાનાર ચૂંટણીઓ માટે ઉમેદવારોની પસંદગી માટે સ્થાનિક કાર્યકરો આગેવાનોની રજુઆતો સાંભળવા માટે મંત્રીઓને જિલ્લાઓની જવાબદારીઓ સોંપવામાં આવી હતી.

પ્રદેશ નિરીક્ષકોની ત્રણ સભ્યોની ટીમમાં એક રાજ્યના મંત્રીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. રાજ્યની ૬ મહાનગર પાલિકા અને ૮૦ થી વધુ નગરપાલિકાઓમાં પ્રદેશ નિરીક્ષકો દ્વારા કાર્યકરોની રજૂઆતો સાંભળવાનો દોર શરૂ કરવામાં આવ્યો છે.

પ્રદેશ નિરીક્ષક તરીકે રાજ્યના તમામ મંત્રીઓ તેમને ફાળવેલ જિલ્લામાં પ્રવાસે જતાં આજે સચિવાલયમાં તમામ મંત્રાલયો મંત્રીઓ વિહોણા ભાસતા હતા.

સ્થાનિક કાર્યકરોની રજુઆતો સાંભળવા માટે તા. ૭, ૮ અને ૯ એમ ત્રણ દિવસ ફાળવવામાં આવ્યા છે. ત્રણ દિવસ કાર્યકરોની રજુઆતો સાંભળ્યા બાદ પ્રદેશ નિરીક્ષકો ટુંકમાં સંભવિત ઉમેદવારોના નામોની પેનલ યાદી સાથે પોતાનો એહવાલ તૈયાર કરીને પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડને સુપરત કરશે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ સપ્તાહના અંતમાં પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકોનો દોર શરૂ થનાર છે. જેમાં મહાપાલિકા અને નગરપાલિકા દીઠ પ્રદેશ નિરીક્ષકો અને શહેરના સંગઠનના આગેવાનોને સાંભળવામાં આવશે અને પેનલ યાદી પરના નામો પર ચર્ચા કરાશે.

SANGHI CEMENT
KisaN
ashirvad
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્શી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com